જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૮/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૩૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઇગ્લીશ દારૂ, એક મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૯૫,૩૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૩૧/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ/સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૩૨/૧૫

**પાલડીઃ** પાલડી વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષના યુવાને તા.૧૧/૮/૧૫ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૮/૧૫ રાતના ૧૧/૦૦ ચન્દ્રનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડથી આરોપી (૧) અમીત મહેન્દ્રભાઈ પટેલ (રહે.સેન્ટોસા સોસાયટી સાયન્સ સીટી રોડ સોલા) (૨) અમીતનો મિત્ર (૩) રાજ અને (૪) અમીતનો બોડીગાર્ડ એ ભેગામળી રિવોલ્વર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ૨૩ વર્ષના યુવાન અને તેના મિત્રને કારમાં બેસાડી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ માર મારી,ડામ આપી ૨૩ વર્ષના યુવાન અને તેના મિત્રને સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કરાવ્યુ હતુ. ત્યારબાદ સોલા વિસ્તારમાં તા.૮/૮/૧૫ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે ગાડીમાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી એન કે વ્યાસ ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદ :- સમાચાર યાદી નં.૧૬૩૩/૧૫

**કાગડાપીઠઃ** અજયકુમાર તરપવનકુમાર સંધીર (રહે.સત્યમ બંગ્લોઝ રામદેવનગર સેટેલાઇટ) એ તા.૧૧/૮/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૭/૧૫ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે રાયપુર દરવાજા બહાર પવન ગુડસં ફ્રેટ કેરીયરની ઓફિસેથી આરોપી ડ્રાઇવર મોહંમદહયાત અસરફખાન (રહે.ગામ જેથાના તાલુકો પુનહાના જિલ્લો મેવાત રાજય હરીયાણા) ને ટાટા કંપની ટ્રક નંબર જીજે ૧૮ એસટી ૮૪૬૨ માં ટ્રાન્સપોંટનો આશરે ૨૫ થી ૩૦ લાખનો માલસામાન ભરીને અંબાલા હરીયાણા લઇ જવા સારુ મોકલેલ જે આજદીન સુધી માલસામાન ભરેલી ટ્રક અંબાલા ખાતે નહી પહોચાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૪/૧૫**

**વાડજઃ** જયાબહેન નાનજીભાઈ વાઘેલા (રહે.શ્રમિકનગર રૂબી ફ્લેટની સામે જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૮/૧૫ કલાક ૨/૦૦ થી સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૩૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** ધર્મેન્દ્રભાઈ સનતકુમાર ધોળકીયા (ઉ.વ.૪૯) (રહે.પ્રકૃતિ હોમ્સ ક્લબ ઓ સેવનની પાસે સેલગામ તાલુકો સાણંદ) એ તા.૯/૭/૧૫ નારોજ જાયડસ હોસ્પીટલ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ ધર્મેશભાઈ ધોળકીયાએ તા.૧૧/૮/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૫/૧૫**

**ઇસનપુરઃ** પુરીબેન નાથાભાઇ છગનભાઇ બારોટ (ઉ.વ.૬૭) (રહે. વ્રજભુમી સોસાયટી વિભાગ-૧ જેઠાભાઇની વાવ સામે વટવા) તા.૧૧/૮/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર ભૈરવનાથ રોડ ઉપર સી એન જી પેટ્રોલપંપ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પુરીબહેનના ગલામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુરીબહેન બારોટે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ગુલાબસિહ સોનાભાઈ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૬/૧૫**

**વાડજઃ** કનુભાઈ મોહનભાઈ ચાવડા (રહે. સૌરાષ્ટ્ર શ્રમજીવીનગરના છાપરાં ઝવેરીપાર્કની સામે જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૮/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે અજાણ્યો પુરૂષ જુનાવાડજ એએમટીએસ બસ ટર્મિનલના પ્રવેશના ગેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યો હતો ત્યારે એએમટીએસ બસ નંબર જીજે ૧ ડીટી ૬૯૧૬ ના ચલકે બસ પુર ઝડપે અને બેદરકારીથી ચલવી ટક્કર મારતા અજાણ્યા પુરૂષને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)